ગાંધીનગર સમાચાર

મે માસમાં હિંસક વન્યજીવોની રાજય વ્યાપી વસ્તી ગણતરી યોજાશે

# ભાજપની પેનલોમાં કોંગ્રેસે બાકોરા પાડયા

## ચાર પેનલોમાંથી કોંગ્રેસ એક સીટ છીનવી ગયુ જયારે કોંગ્રેસ પેનલો જીતવામાં સફળ રહી : મતગણતરીમાં ૩+૧ નો અનોખો સંજોગ થયો, એક પણ વોર્ડમાં ૨+૨ ના થયું : લોકોનું ચિવટભર્યુ મતદાન

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર મહાનગરપાલિકાની ચુંટણીના પરિણામોનું વિશ્લેષણ સર્વત્ર થઈ રહ્યું છે. જેમાં કોંગ્રેસ ભાજપની પેનલોમાં બાકોરા પાડવામાં સફળ રહ્યું છે તો કોંગ્રેસ પેનલો અકબંધ રીતે જીતવામાં સફળ રહી છે. શહેરીજનોએ ચિવટપૂર્વક અને ગણતરી સાથે મતદાન કર્યું હોય તેમ કેટલાક વોર્ડમાં ફકત એક જ બેઠક કોંગ્રસને આપી છે. આમ પાટનગરની ચુંટણીએ રાજકીય પંડિતોને પણ માથા ખંજવાળતા કરી દીધા છે.

મનપાની ચુંટણીના પરિણામ અન્ય ચુંટણીઓના પરીણામો કરતા કંઈક જુદા જ તરી આવે છે. પાલિકાના આ વોર્ડની ૩૨ બઠકોના આવેલા પરિણામોમાં જુદા જુદા સંયોગ રચાયા છે. જેમ કે વોર્ડ નં. ૩, ૪, ૬, અને ૮ના પરીણામોમાં ત્રણ ભાજપે અને એક કોગ્રેસે જીત મેળવી છે જેથી ૩+૧નો સંયોગ આ તમામ વોર્ડમાં એક સરખો ઉભો થયો છે જયારે ૨+૨ કે કોંગ્રેસ ૩ અને ભાજપ-૧ એનો પણ સંયોગ રચાયો નથી. વધુમાં ભાજપે જીતેલી પેનલો




સિવાય અન્ય પેનલોમાં કોંગ્રેસે ચુંટણી પરિણામોમાં કોંગ્રેસની બાકોરા પાડી એક એક બેઠક છીનવી લીધી છે.

૩ પેનલ વિજેતા બની છે તો ભાજપની ફકત એક જ પેનલ વિજેતા બની છે. જેમાં વોર્ડ નં. ૧માં ભાજપની પેનલ વિજેતા અને વોર્ડ નં. ૨, ૫, અને ૭માં કોંગ્રેસની પનલ વિજેતા બની છે. જયારે વોર્ડ નં. ૩માં ૩ ભાજપ અને ૧ કોંગ્રેસ વિજેતા બન્યું છે. તેવી રીતે વોર્ડ નં. ૪, ૬ અને ૮માં થયું છે.પાલિકાના આ વોર્ડના પરિણામોમાં શહેરીજનોનું ચિવટભર્યુ અને ગણતરીપુર્વકનું મતદાન જ કારણભૂત જણાઈ રહ્યુ છે. મતદારોએ એવી રીતે મતદાન કર્યુ કે જેમાં ભાજપને ત્રણ બેઠક મળે અને કોંગ્રેસને એક જ બેઠક મળે જે શિક્ષિત વર્ગની સમજણ દર્શાવી રહ્યુ છે. તમામ બેઠકોની આંકડાકીય વિગતો ઉપર નજર કરીએ તો ભાજપ કોંગ્રેસની પેનલો તોડવામાં અસમર્થ સાબિત થયું છે. પરંતુ મતદારોની આયોજનપૂર્વકની ગણતરીના મતદાને બંને પક્ષોની સ્થિતિ સરખી કરી નાખતા કોંગ્રેસે પાડેલા બાકોરા પણ વ્યર્થ જણાઈ રહ્યા છે.

# સાબરમતી કોલેજના પ્રેમી યુગલનો સુઘડ નર્મદા કેનાલમાં આપઘાત

## કેનાલ બહારથી યુવકનું બાઈક મળ્યું પરંતુ મૃતદેહ હજુ મળ્યો નથી જયારે તેની સાથે બાઈક પર નિકળેલી પ્રેમિકાનો કેનાલમાંથી મૃતદેહ મળી આવ્યો

ગાંધીનગર, તા.૨૭

અમદાવાદના સાબરમતી વિસ્તારમાં સ્થિત કોલેજમાંથી પ્રેમી યુગલ ગઈકાલે ગાયબ થઈ ગયું હતું. યુવક અને યુવતી બંનેના પરિવારજનોએ રાતભર શોધખોળ કરી પરંતુ બંને મળી આવ્યા ન હતા. દરમિયાન આજે યુવકનું બાઈક સુઘડ કેનાલની પાસેથી મળી આવ્યું હતું. જયારે તેની સાથે બાઈક પર નીકળેલી તેની પ્રેમીકાનો મૃતદેહ મળી આવ્યો છે. જો કે હજુ યુવકનો મૃતદેહ મળી આવ્યો નથી પોલીસ અને ફાયરબ્રિગેડની ટીમ શોધખોળ કરી રહી છે.

ગાંધીનગર નજીક સ્થિત સુઘડ નર્મદા કેનાલમાંથી આજે બપોરે અજાણી યુવતીનો મૃતદેહ મળી આવતા અડાલજ પોલીસ ઘટના સ્થળે પહોંચી ગઈ હતી અને મૃતદેહ બહાર કઢાવી ઓળખ માટે તજવીજ શરૂ કરી હતી. દરમિયાન સાબરમતી



કોલેજનો એક યુવાન ત્યાંથી પસાર થયો અને કેનાલ બહાર પડેલા બાઈક પર તેનું ધ્યાન ગયું..! બાઈક તેની કોલેજમાં અભ્યાસ કરતા અમદાવાદના યુવાન જૈમીન નરેશભાઈ રાવતનું હતું. જે ગઈ કાલે તેની સાથે કોલેજમાં અભ્યાસ કરતી અને સાબરમતી વિસ્તારમાં રહેતી તેની ૧૯ વર્ષીય પ્રેમિકા લક્ષ્મી બ્રિજેશભાઈ રાઠોડ ને બાઈક પર બેસાડીને લઈ ગયો હતો અને બંનેની પરિવારજનો શોધખોળ કરતા હોવાનું પોલીસને તે યુવાને જણાવ્યું હતું. બંનેના પરિવારજનોનો સંપર્ક કરી બોલાવવામાં આવતા બાઈક જૈમીનનું હોવાનું અને કેનાલમાંથી બિનવારસી મળેલી યુવતી લક્ષ્મી હોવાનું બહાર આવ્યું હતું. જો કે મોડી સાંજ સુધી અડાલજ પોલીસ મથકના જમાદાર અમરતભાઈ તથા તેમની ટીમ અને ગાંધીનગર ફાયરબ્રિગેડની ટીમે કેનાલમાં કરેલી શોધખોળ બાદ પણ જૈમીનના સગડ મળ્યા ન હતાં. તેની શોધખોળ હજુ ચાલુ છે. અડાલજ પોલીસે ગુનો દાખલ કરીને ઘટનાની ઉંડી તપાસ શરૂ કરી છે.

### કેનાલમાં જૈમિનની શોધખોળ ચાલતી હતી ત્યાં જ એક કડંકટરે પણ ઝંપલાવ્યું...!

બપોરના અરસામાં યુવતીનો મૃતદેહ સુઘડ કેનાલમાંથી મળ્યો હતો ત્યારબાદ જાણવા મળ્યું કે તે યુવતી તેના પ્રેમી જૈમીન સાથે કેનાલમાં કુદી હતી તેનું બાઈક પણ કેનાલ બહાર જ હતું. જેને પગલે પોલીસ તથા ફાયરબ્રિગેડની ટીમ જૈમિનની કેનાલના પાણીમાં શોધખોળ કરી રહ્યા હતા તેજ સમયે એક કડંકટરે કેનાલમાં પડતું મુકયું હતું. પોલીસ અને ફાયરબ્રિગેડની ટીમ તાબડતોબ કડંકટર જે બાજુ કુદ્યો ત્યાં દોરડુ લઈને પહોંચી ગઈ હતી અને ૪૫ વર્ષીય કડંકટરને બચાવી લઈ તાત્કાલિક ૧૦૮ એમ્બ્યુલન્સ મારફતે ગાંધીનગર સિવિલ હોસ્પિટલ સારવાર અર્થે લઈ જવાયો હતો. કડંકટરે કરેલ આપઘાતના પ્રયાસનું કારણ હજુ જાણી શકાયું નથી...!

# ગાંધીનગર સિવિલમાં ડ્રાઈવરોની અછત વર્તાઈ છે

ગાંધીનગર, તા.૨૭

જીએમઈઆરએસ સંચાલિત ગાંધીનગર હોસ્પિટલમાં પહેલા એમ્બ્યુલન્સની અછત વર્તાઈ રહી હતી. હોસ્પિટલમાં આવેલી એમ્બ્યુલન્સો મોટાભાગની પહેલા બંધ હાલતમાં પડી રહેતી હતી જયારે અત્યારે ચાલક વિના પડી રહે છે. જેને પગલે સિવિલમાં આવતા દર્દીઓને વધુ સારવાર માટે અમદાવાદ રીફર કરવામાં આવે છે ત્યારે ખાનગી એમ્બ્યુલન્સના સહારે રહેવું પડે છે. સિવિલમાં ૧૨ ડ્રાઈવરોની સંખ્યા છે જેમાં ૩ ડ્રાઈવરો છેલ્લા બે મહિનાથી કમિશનર કચેરી ખાતે બોલાવતા ત્યાં ફરજ બજાવતા હોવાથી સિવિલમાં ડ્રાઈવરોની અછત વર્તાઈ રહી છે.

રાજયના પાટનગરની સિવિલ હોસ્પિટલમાં રોજના હજ્જારો દર્દીઓ સારવાર માટે આવે છે. મેડીકલ કોલેજ બનતા બેડની સંખ્યામાં વધારો થતા અત્યારે હાલ ૬૫૦ બેડની બનતા દર્દીઓનો ભારે ધસારો રહેવા પામે છે. સિવિલમાં આઠ માળની ઈમારત અને પાંચ માળની આધુનિક ઓપીડી દર્દીઓથી ઉભરાય છે. ત્યારે સિવિલનો તાત્કાલીક વિભાગમાં પણ સતત દર્દીઓનો ધસારો જોવા મળે છે. ત્યારે ગાંધીનગર સિવિલ જિલ્લા તેમજ આસપાસના દર્દીઓ માટે આશિર્વાદરુપ સાબિત થઈ રહી છે. તો બીજી તરફ સિવિલમાં આવતા ગંભીર ઈજાગ્રસ્ત દર્દીઓને અમદાવાદ રીફર કરવામાં આવે છે ત્યારે સિવિલમાં એમ્બ્યુલન્સ હોય છે પરંતુ ડ્રાઈવર નથી હોતા તેવો ઘાટ ઘડાય છે. સિવિલમાં ૧૨ ડ્રાઈવરો છે પરંતુ તેમાથી ૩ ડ્રાઈવર છેલ્લા બે માસથી કમિશનર કચેરી ખાતે ફરજ માટે બોલાવી લેતા હોસ્પિટલમાં અછત સર્જાઈ છે. પહેલા એમ્બ્યુલન્સ ખરાબીના કારણે બંધ પડી રહેતી હતી જ્યારે અત્યારે ડ્રાઈવર વિના પડી રહેતા દર્દીઓને ખાનગી એમ્બ્યુલન્સના ભરોસે રહેવું પડે છે. આ અંગે સિવિલ તંત્ર દ્વારા યોગ્ય નિરાકરણ લાવવામાં આવે તેવી લાગણી અને માગણી દર્દીઓની છે.

# "ઘ" માર્ગ પરથી પસાર થતી કાર અચાનક ડીવાઈડર પર ચડી ગઈ

ગાંધીનગર, તા.૨૭

ગાંધીનગર શહેરના ઘ માર્ગ પર પસાર થઈ રહેલી એસેન્ટ કાર અચાનક ૬/૭ ના બસ સ્ટેન્ડ નજીક ડિવાઈડર પર ચડી ગઈ હતી. બપોરના સમયે કારનો અકસ્માત સર્જાતા જોરદાર અવાજ થતા સ્થાનિક રહીશો ઘરની બહાર આવી ગયા હતા. જયારે નગરજનો પણ આ વિચિત્ર અકસ્માત જોઈ અચંબામાં પડી ગયા હતા. આ બનાવમાં સદ્નસીબે કોઈ જાનહાની થવા પામી નથી પરંતુ કારને ભારે નુકશાન થવા પામ્યું છે.

રાજયના પાટનગરના માર્ગ પહેલાથી જ ચકાચક છે શહેરની મુલાકાતે આવનાર સૌ કોઈ પહોળા અને સુંદર માર્ગ પર નહીવત ટ્રાફીકને કારણે અચંબામાં પડી જાય છે. નગરના લપસણી જેવા માર્ગો પર વાહન ચાલકો બેફામ ગતિએ કાર સરકાવતા નજરે પડે છે. જયારે



કેટલાક વાહનચાલકો ઓવર સ્પીડને કારણે કાર પરનો કાબુ ગુમાવી બેસતા અકસ્માત સર્જી દે છે. ત્યારે આવો જ એક વિચિત્ર અકસ્માત શહેરના ઘ માર્ગ પર બનવા પામ્યો હતો. જેમાં બપોરના સુમારે ઘ-૨ થી ઘ-૩ તરફ જઈ રહેલી એસેન્ટના ચાલકે અચાનક કાર પરનો કાબુ ગુમાવતા કાર ડિવાઈડર પર ચડી જઈને ઘ-૨ તરફના માર્ગ બાજુ જતી હોય તેમ ફુટપાથ અને વનવિભાગની ફેન્સીંગ પાસે ઉભી રહી ગઈ હતી. ઘ માર્ગ પર અકસ્માત સર્જાતા ત્યાંથી પસાર થતા વાહન ચાલકો ઉભા રહીને મદદ માટે દોડી ગયા હતા. જયારે બપોરના સુમારે અકસ્માત સર્જાતા સ્થાનિક રહીશો પણ ઉંઘમાંથી ઉઠીને આવી પહોંચ્યા હતા. જયારે પસાર થતા વાહનચાલકો વિચિત્ર અકસ્માત જોઈ અચંબામાં પડી ગયા હતા. આ બનાવમાં કારને ભારે નુકશાન થવા પામ્યું છે. પરંતુ સદનસીબે કોઈને જાનહાની થવા પામી નથી. માર્ગ પરના અકસ્માતને પગલે ટ્રાફીક જામના દ્રશ્યો પણ સર્જાયા હતા. ઉલ્લેખનીય છે કે શહેરના માર્ગો પર બેફામ ગતિએ ગાડીઓ હંકારીને નિયમોની ઐસી તૈસી કરતા વાહન ચાલકો સામે દંડનીય કાર્યવાહી કરવી અનિવાર્ય બની છે.

# દિવ્યાંગ મુસાફરો ઉઠાવી શકશે બસ સેવાનો મફત લાભ

ગાંધીનગર, તા.૨૭

ગુજરાત રાજયની એસટી બસોમાં અત્યાર સુધી વિકલાંગો અને મૂકબધિર વ્યકિત સાદી તેમજએકસપ્રેસ બસોમાંજ મફત મુસાફરી કરી શકતા હતા. જો કે રાજય સરકારે તેમના માટે મહત્વનો નિર્ણય કર્યો છે જેમાં હવેથી વિકલાંગ-મૂકબધિર વ્યકિત એસટીની લકઝરી તથા વોલ્વો, ગુર્જર નગરી, ઈન્ટરસિટી સહિતની તમામ બસોમાં મફત મુસાફરી કરી શકશે. આ નિર્ણયનો અમલ તાબડતોબ ૨૧મી એપ્રિલથી જ શરૂ કરી દેવાયો છે. ૪૦ ટકા કે તેથી વધુ અસ્થિવિષયક વિકલાંગતા ધરાવતી વ્યકિતને પોતાને લાભ મળશે તથા ૭૦થી ઓછા બુદ્ધિ આંકવાળી માનસિક પડકારિતા ધરાવતી વિકલાંગ વ્યકિતને તથા તેના સહાયકને આ યોજનાનો લાભ મળી શકશે. ૮૦ટકા કે તેથી વધુ મૂકબધિરપણું તથા દષ્ટિ વિષયક વિકલાંગ વ્યકિત તેમજ તેના સહાયકને આ લાભ મળવા પાત્ર રહેશે.

## @ગાંધીનગર

● સેકટર-૨૨ સ્થિત પંચદેવ મંદિર ખાતે શ્રીમદ ભાગવત સપ્તાહ અંતર્ગત સાંજે ૫.૩૦ કલાકે પ.પૂ. ફૂલશંકર શાસ્ત્રીજીની વ્યાસપીઠે કૃષ્ણ જન્મોત્સવની ઉજવણી કરાવાશે.

### સે-૧૭ લાયબ્રેરી ખાતેથી જુના સામયિકોનું રાહતદરે વેચાણ

ગાંધીનગર, તા.૨૭

શહેરીજનોમાં વાંચનની ભૂખ કેળવાય તે માટે નગરમાં પુસ્તક પરબ તેમજ કેટલીક સંસ્થાઓ દ્વારા જુના સામાયિકોનું તદન મફત વિતરણ કરવામાં આવે છે તથા નવા અને જુના સામાયિકોનું રાહત દરે વેચાણ કરવામાં આવે છે. આગામી તા. ૩૦મી એપ્રિલના રોજ સવારે ૧૧ કલાકે સેકટર-૧૭ના રાજય મધ્યસ્થ ગ્રંથાલય ખાતેથી જુના સામયિકોનું રાહતદરે વેચાણ કરવામાં આવશે તો નગરના સર્વે નગરજનોને લાભ લેવા જણાવાયું છે.

### સે-૧૨ ખાતે લયબધ્ધ શ્વસન ક્રિયાનો કાર્યક્રમ યોજાશે

ગાંધીનગર, તા.૨૭

તાવરિયાજી ગૃપ દ્વારા આગામી તા.૨૯ એપ્રિલથી ૧લી મે સુધી સવારે ૮.૦૦ કલાકે લયબધ્ધ શ્વસન ક્રિયાનું નિઃશુલ્કપણે આયોજન કરવામાં આવ્યું છે. લયબધ્ધ શ્વસન ક્રિયા દર માસના છેલ્લા શુક્ર, શનિ અને રવિ દરમિયાન નિયમિતપણે સેકટર-૧૨, બલરામ મંદિર ખાતે યોજાય છે. આ ત્રિદિવસીય કાર્યક્રમમાં નગરના તમામ નગરજનોને લાભ લેવા ગૃપ દ્વારા જણાવાયું છે.

### જુસીકાએ ચક્ષુદાન મેળવ્યુ

ગાંધીનગર, તા.૨૭

સેકટર-૬-એ પ્લોટ નં. ૪૫૯/એ-૨ના રહેવાસી સ્વ. હરીશચંદ્ર મૂળજીભાઈ ભાવસારનું ૭૧ વર્ષની વયે દુઃખદ અવસાન થયું હતું. તેઓના કુટુંબીજન હિમાશુ ભાવસારની સંમતિથી જુનિયર સીટીઝન કાઉન્સિલ દ્વારા સ્વર્ગસ્થના ચક્ષુઓનું દાન લેવામાં આવ્યું હતું. આ સદર કાર્યમાં ડૉ.નિરવભાઈ અને ડૉ.નિશાંતભાઈ દ્વારા તબીબી સેવા અપાઈ હતી. જુસીકાના કાર્યકર અશોકભાઈ સોમાણી તથા ગણપતભાઈ વાઘેલાએ ચક્ષુઓ લેવામાં સેવા પુરી પાડી હતી તેમજ સ્વર્ગસ્થના ચક્ષુઓને અમદાવાદ ચક્ષુબેંક ખાતે પહોંચાડવાનું ભગીરથ કાર્ય છત્રસિંહ મકવાણાએ કર્યું હતું.

## વાતવાતમાં

● ઉનાળાના કારણે બપોરના સમયે નગરજનો આરામ ફરમાવે છે તે દરમિયાન વાહન, સાયકલ તથા ઘરની બહાર પડી રહેતા સામાનની ઉઠાંતરીના બનાવો ચાલુ થઈ ગયા છે. મંગળવારે બપોરે અઢી વાગ્યાથી સાંજના ૬ વાગ્યા દરમિયાન સે-૩-એ ન્યુ ના પ્લોટ નં. ૩૧/૨ ખાતેના રહેવાસી રાહુલ પટેલનું બાઈક ચોરાઈ જવા પામ્યું છે.

● શહેરના માર્ગો પર લગાડાયેલ નવી નવેલી એલઈડી સ્ટ્રીટલાઈટો અનેક જગ્યાએ લબૂકઝબૂક થવાની સાથે બંધ હોવાની ફરિયાદો ઉઠી હતી. આ એલઈડી લાઈટોને રીપેર કરવા તંત્રએ ટીમને કામે લગાડી દીધી છે.

● શહેરમાં આજકાલ વ્હોટસએપ પર ઘરેલુ વપરાશની વિજળીના દરો અંગેનો એક મેસેજ ખુબ વાઈરલ થયો છે. આ મેસેજમાં સવાલ કરાયો છે કે જો દિલ્હીમાં વિજળીનો દર પ્રતિ યુનિટે રૂ. ૨ થી૩નો હોય તો ગુજરાતમાં ટોરેન્ટ પાવરની વિજળીનો દર રૂ. ૬ થી ૭ કેમ?

● કોર્પોરેશનની ચુંટણીઓના પરિણામોમાં 'ટાઈ' પડવાથી શહેરમાં હોર્સ ટ્રેડીંગ બાબતેની ચર્ચાએ ભારે જોર પકડયું છે. બીજી તરફ ચુંટણીઓ પત્યા પછી પણ છેલ્લા પંદર દિવસથી પડેલ આદતના કારણે રાજકીય પક્ષોના કાર્યકરો રાત્રે જમ્યા પછી ચુંટણી કાર્યાલય ઉભું કર્યું તે જગ્યાએ ભુલથી 'આંટો' મારી આવે છે.

● શહેરના જાણીતા હાસ્યલેખક 'બધીર અમદાવાદી'ના બંધુ 'અધીર અમદાવાદી'ના હાસ્યલેખોનો સંગ્રહ પ્રકાશિત થયો છે. આ પ્રસંગે મુખ્યમંત્રી આનંદીબેન પટેલે તેમને ટવીટર પર અભિનંદન પાઠવ્યા છે.

● ઉનાળાના કારણે નગરના જીવદયા પ્રેમી નગરજનો દ્વારા વૃક્ષો સહિત અનેક ઠેકાણે પક્ષી પરબો અને ચણ માટેના કૂંડા લગાડાઈ રહ્યા છે. વળી, સોશિયલ મિડીયા પર પણ આ બાબતે ઘણી અપીલો થઈ રહી હોવાથી યુવા વર્ગ પણ આ સેવા કાર્યમાં જોડાવા પ્રેરિત થઈ રહ્યો છે.

# મે માસમાં હિંસક વન્યજીવોની રાજય વ્યાપી વસ્તી ગણતરી યોજાશે

## રીંછ, દીપડા, ઝરખ જેવા પ્રાણીઓની વસ્તી ગણતરી યોજાશે : તા. ૨૦થી ૨૨ મે દરમિયાન ગણતરી કરાશે : દર પાંચ વર્ષે ગણતરી કરાય છે : રાજયમાં દીપડાનો વધતો મૃત્યુદર ચિંતાજનક

ગાંધીનગર, તા.૨૭

રાજયભરમાં વસતા હિંસક વન્ય પ્રાણીઓ જેવા કે રીંછ, દીપડા અને ઝરખ વગેરેની આગામી તા. ૨૦ થી તા. ૨૨ મે દરમિયાન ગણતરી પ્રક્રિયા હાથ ધરાનાર છે. રાજયમાં વસતા વન્ય પ્રાણીઓના સંવર્ધનના ભાગરૂપે તેમની સંખ્યા જાણવાની અગત્યતાને કારણે આ વસ્તી ગણતરી પ્રક્રિયા યોજાનાર છે. રાજયમાં દીપડાના મૃત્યુદરમાં થયેલા વધારાનું કારણ જાણવા પ્રક્રિયા ઉપયોગી નિવડશે.

વન્ય પ્રાણીઓ જેવા કે રીંચ, દીપડા અને ઝરખ વગેરેની વૃધ્ધિ તથા વિકાસ માટે તેમજ તેમના વસવાટના સ્થાનો અંગે અંદાજ મેળવવા તેમની વસ્તી ગણતરી કરવી જરૂરી બને છે. આ માટે રાજયભરના વન્ય વિસ્તારમાં તા. ૨૦મી મે થી તા. ૨૨મી મે દરમિયાન આ વસ્તી ગણતરી યોજાશે. છેલ્લે આ પ્રકારે વન્ય પ્રાણીઓની વસ્તી ગણતરી વર્ષ ૨૦૧૧માં યોજાઈ હતી અને દર પાંચ વર્ષે આ ગણતરી યોજવામાં આવે છે. આ પ્રક્રિયા વન વિભાગના અધિકારીઓ-કર્મચારીઓ માટે ખૂબ જ અગત્યતા ધરાવે છે. કારણ કે રાજયમાં દીપડાના મોતની સંખ્યા છેલ્લા પાંચ વર્ષમાં ૮૬ થી વધીને ૧૩૬ થઈ છે જે ચિંતાજનક છે. દીપડાના મૃત્યુદરમાં આવેલા ૫૮



ટકા જેટલા નોંધપાત્ર વધારાના કારણો જાણવા માટે આ ગણતરી પ્રક્રિયા ઉપયોગી નિવડી શકે છે. વન વિભાગના અધિકારીઓના એક સામાન્ય અંદાજ મુજબ રાજયમાં દીપડાની સંખ્યા ૧૩૫૦ જેટલી છે.

વર્ષ ૨૦૦૬માં રીંછની સંખ્યા રાજયમાં ૨૪૭ હતી તે વધીને ૨૦૧૧માં ૨૯૩ હતી અને હાલ ૩૨૫ જેટલી થઈ હોવાનો અંદાજ છે. રીંછની સંખ્યા જરૂર વધી છે પરંતુ આ અંદાજની ગણતરી પ્રક્રિયા બાદ જ ખરાઈ માલૂમ પડશે. આ સમયગાળા દરમિયાન દીપડાની સંખ્યામાં માત્ર ૮ ટકાનો જ વધારો થયો હતો વર્ષ ૨૦૦૬માં ૧૦૭૦ દીપડા સામે ૨૦૧૧માં ૧૧૬૦ દીપડા નોંધાયા હતા. જો કે અધિકારીઓ છેલ્લા પાંચ વર્ષમાં દીપડાની સંખ્યામાં નોંધપાત્ર વધારાની આશા સેવી રહ્યા છે. અધિકારીઓ એવું પણ માને છે કે જો બચાવ કામગીરીનો આધાર માનવામાં આવે તો દીપડાની સંખ્યામાં ૧૫ થી ૨૦ ટકાનો વધારો થયો હોવો જોઈએ. છેલ્લા પાંચ વર્ષમાં ૨૦૧૧ની ગણતરીથી લઈને અત્યાર સુધીમાં ૧૫૮૩ દીપડા બચાવ કામગીરીના ઓપરેશન્સ હાથ ધરાયા હતા અને બચાવાયેલા દીપડાને કયાં તો જંગલમાં છોડી દેવાયા હતા અથવા તો પ્રાણીસંગ્રહાલયોને આપવામાં આવ્યા હતા.

# અડાલજના બગીચા પાસેથી એકસેસની ઉઠાંતરી

ગાંધીનગર, તા.૨૭

અમદાવાદના મોટેરા વિસ્તારમાં રહેતો યુવાન વિપુલ રાઠોડ ૨૨એપ્રિલના રોજ બપોરના બે વાગ્યાના અરસામાં તેનું એકસેસ નં. જીજે ૧ સી.કયુ. ૯૩૨૮ લઈને અડાલજના બગીચા પાસે આવ્યો હતો. સાડા ત્રણ વાગ્યાના અરસામાં દોઢ કલાક બાદ તે બહાર નિકળ્યો અને પાર્કીંગમાં જોયું તો તેનું એકસેસ ગાયબ થઈ ગયું હતું. કોઈ વાહનચોર રૂ.૩૦ હજારની કિંમતનું એકસેસ ચોરી કરીને રફફુચક્કર થઈ ગયો હતો. વિપુલ રાઠોડની ફરીયાદને આધારે અડાલજ પોલીસે વાહનચોરીનો ગુનો દાખલ કરીને ચોરને શોધી કાઢવા પીએસઆઈ પી.સી. સરવૈયાએ ઉંડી તપાસ શરુ કરી છે.

### અવસાન નોંધ

હિમાંશુ તથા યોગેશ ભાવસારના પિતા સ્વ. હરીશચંદ્ર મુળજીભાઈ ભાવસાર (નિવૃત કચેરી અધિક્ષક, ગુજરાત માધ્યમિક શિક્ષણ બોર્ડ) નું બેસણું આજે સાંજે ૪ થી ૬ કલાકે ગોપાલ-ગોંવિદ પ્લોટ નં - ૪૫૯/૨ સેકટર- ૬ એ ગાંધીનગર ખાતે રાખવામાં આવ્યું છે.

### ચિરવિદાય

- સ્વ. બબાભાઈ મણીલાલ પટેલ, ઉ.વ. ૮૦
- સ્વ. મણાજી માસંગજી ઠાકોર, ઉ.વ. ૭૧